પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૨/૦૨/૨૦૨૧ થી તા.૨૮/૦૨/૨૦૨૧** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૪:- ગુન્હાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટજી આપવામાં આવેલ હોય અને સફળતા મળેલ હોય :**

(૧) કીર્તિમંદિર પોલીસ સ્ટેશન ફો.કે.નં.૨૩૦૪/૨૦૧૪ તથા ૨૩૩૧/૨૦૧૪ ના કામે નેગોશીએબલ એક્ટ ક.૧૩૮ મુજબ મે.જ્યુ.ફ.ક.મેજી.સાની કોર્ટમાં છેલ્લા ૦૩ વર્ષથી બન્ને કેશમાં એક એક વર્ષની સજા પડેલ હોય જે સજાની પકડથી બચવા અલગ અલગ જગ્યાએ નાસતા ફરતા આરોપી વિરુધ્ધ નામદાર કોર્ટ દ્વારા વોરંટ પ્રસિધ્ધ કરતા આરોપીને શોધી કાઢવાની કામગીરી હાથ ધરવામાં આવેલ. કિર્તીમંદીર પો.ઇન્સ.શ્રી તથા તેમના સ્ટાફ દ્વારા સયુંક્તરાહે બાતમી આધારે મજકુર આરોપી શામજીભાઈ વેલજીભાઈ હરચડી રહે. માણેકચોક મોટી શાક માર્કેટની સામે જુમ્મા મસ્જીદની ગલીમાં પોરબંદરવાળો આજરોજના રાત્રીના પોતાના રહેણાંક મકાન, માણેકચોક, શાકમાર્કેટ, જુમ્મા મસ્જીદ વાળી ગલીમાં આવનાર હોય જે ચોક્કસ બાતમી આધારે ડી.સ્ટાફની ટીમ મજકુરના ઉપરોક્ત સરનામે વોચમાં રહેલ. તે દરમ્યાન આરોપી પોતાના રહેણાક મકાન પર આવતા મજકુર ને નામદાર કોર્ટ દ્વારા નેગોશીએબલ એક્ટ ક.૧૩૮ મુજબના કામે સજા થયેલ બન્ને વોરંટની સમજ કરી છેલ્લા ૦૩ વર્ષથી પોતાની પકડથી બચવા નાસતો ફરતો આરોપીને પકડી આરોપીનો કોવિડ-૧૯ નો જરૂરી ટેસ્ટ કરાવી આરોપીને નામદાર કોર્ટમાં રજુ કરેલ છે. આમ છેલ્લા ૨૮ વર્ષથી પોતાની પકડથી બચવા નાસતો ફરતો રહેનાર આરોપીને શોધી કાઢી પ્રસંનીય કામગીરી કરવામાં આવેલ છે.

જે આપશ્રીને વિદિત થાય.

(ભરત પટેલ)
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર